II શ્રધ્ધાંજલી II

સ્વ.અસૌ. રમાબેન ઝવેરભાઈ ભાલીયા
(નિવૃત શિક્ષીકા) (ગામ જેસર હાલ ભાવનગર)
સ્વ.તા.27/11/2023ને સોમવાર (ઉ.વ.69)

પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના

લી.
ઝવેરભાઈ ધરમશીભાઈ ભાલીયા
રમેશભાઈ સી. ગોરસીયા
શૈલેન્દ્રસિંહ મુળુભા સરવૈયા
મનુભાઈ પોપટાણી (મેતાજી)
રામભાઈ આહીર (ચોકીદાર)
હરીઓમ ટ્રેડર્સ સ્ટાફ - જેસર

નિર્ધારીત પ્લેટફોર્મ 1 ના બદલે 2 ઉપર મુકાઈ

સાબરમતિ ટ્રેનનું પ્લેટફોર્મ બદલાતા મુસાફરો ટળવળ્યા

ભાવનગર | ભાવનગર રેલવે ટર્મિનસથી ઉપડતી ભાવનગર-સાબરમતિ ટ્રેન માટે ગુરૂવારે ઓચિંતા પ્લેટફોર્મ નંબર બદલાવી નાંખવામાં આવતા મુસાફરોએ ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો, અને ટ્રેન પકડવા માટે દોડાદોડી કરવી પડી હતી. સાબરમતિ માટે ભાવનગર ટર્મિનસથી સવારે 6 કલાકે ટ્રેન ઉપડે છે. સામાન્ય રીતે આ ટ્રેન પ્લેટફોર્મ નંબર 1 ઉપરથી ઉપાડવામાં આવે છે. પરંતુ ગુરૂવારે વહેલી સવારે પ્લેટફોર્મ નં.1 ઉપર ભાવનગર-પાલિતાણા ટ્રેન રાખવામાં આવી હતી, અને સાબરમતિ ટ્રેન 2 નંબર ઉપર રાખવામાં આવી હતી. આ ટ્રેનમાં જવા ઈચ્છુક મુસાફરો ઉતાવળમાં પ્લેટફોર્મ 1 ઉપર ઉભેલી ટ્રેનમાં ચડ્યા હતા, અને બાદમાં સ્પષ્ટતા થતા તેઓ ફૂટ ઓવરબ્રિજ ઓળંગી અને પ્લેટફોર્મ નંબર 2 ઉપર પહોંચ્યા હતા.

છેલ્લા સમયે સાબરમતિ ટ્રેન માટે આવી રહેલા મુસાફરોને રીતસર દોડાદોડી કરવી પડી હતી. અને એકથી બીજા પ્લેટફોર્મ જવા માટે લીફ્ટમાં પણ ક્ષમતાથી વધુ મુસાફરોનું વહન જોખમી રીતે થવા લાગ્યુ હતુ.

શહેરમાંથી જુગાર રમતા 10 શખ્સો જબ્બે

ભાવનગર | શહેરના બે વિસ્તારોમાંથી જુગાર રમતા 10 શખ્સોને ઝડપી લઈ લીધા હતા. જેમાં કુંભારવાડા અક્ષરપાર્ક શેરી નં. 9, પ્લોટ નં. 245ની બહાર લાઈટના અજવાળે જુગાર રમતા પ્રતાપભાઈ જેરામભાઈ ચૌહાણ, બાવલભાઈ વાલજીભાઈ વેલાણી, રાજુભાઈ બાબુભાઈ રાઠોડ, હરેશભાઈ ભરતભાઈ જેઠવા, ધિરૂભાઈ પોપટભાઈ મીયાણીને જુગારની રોકડ રૂા. 11,630 સાથે બોરતળાવ પોલીસે ઝડપી લીધા હતા. જ્યારે એલ.સી.બી.પોલીસે રૂવાપરી રોડ, આર.આર. શેખ ગેરેજવાળા ખાંચામાં, બાપુ મહેતાની વાડી પાસે જુગાર રમતા યાસર ફારૂકભાઈ રાઠોડ, ફૈયાઝ મહંમદ રફિકભાઈ ઉર્ફે ફિરોજભાઈ ઘોઘારી, જાવેદખાન હબીબખાન પઠાણ, નવાબ ઈકબાલભાઈ દસાડિયા, વસીમ મજીદભાઈ શેખને જુગારની રોકડ રૂા.10,530 સાથે ઝડપી લીધા હતા.

ભાવનગરમાં ડાયમંડ હોસ્પિટલનો પ્રારંભ

ભાવનગર શહેરમાં દર્દીઓને વધુ સારી આરોગ્યલક્ષી સુવિધા મળી રહે તે માટે શ્રીજી કૃપા કોમ્પલેક્ષ વિઠ્ઠલવાડી ખાતે આધુનિક ટેકનોલોજી અને સાધનોથી સુસજ્જ ડાયમંડ હોસ્પિટલનો આરંભ થયો છે.ડાયમંડ હોસ્પિટલના ઉદઘાટન પ્રસંગે ધારાસભ્ય જીતુભાઈ વાઘાણી,આગેવાનો તેમજ સંતો મહંતો ઉપસ્થિત રહ્યા હતા.

આરોગ્ય કેન્દ્રમાંથી ખાલી દારૂની બોટલો મળી

વલભીપુર બ્યુરો | વલ્લભીપુરમાં આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રના પરિસરના સ્ટાફ કવાર્ટસમાંથી વિદેશી દારૂની ખાલી બોટલો મળી આવી હતી જો કે, સામુહિક આરોગ્ય કેન્દ્રમાં કોઈ અસમાજીક તત્વો દ્વારા દારૂ પીને ખાલી બોટલો ફેંકી દિધા હોવાનું પ્રાથમિક તારણ બહાર આવ્યું છે. વલ્લભીપુર શહેરમાં દેશી તેમજ વિદેશી દારૂ સરળતાથી મળી રહેતો હોવાનું ઉત્તમ ઉદાહરણ હોવાનું લોકોમાં ભારે ચર્ચાઈ રહ્યું છે. બુટલેગરો ઉપર કડક હાથે કાર્યવાહીની માંગ ઉઠી છે.

આજે ગામડાઓમાં ફરશે વિકસિત ભારત સંકલ્પ યાત્રા

ભાવનગર | 30 નવેમ્બર

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ જનજન સુધી પહોચે તેવા આશયથી ભાવનગર જિલ્લાનાં તમામ તાલુકાઓમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનાં છ જેટલા રથો ફરનાર છે. જેમાં આવતીકાલે તા.1 ડિસેમ્બરને શુક્રવારે મહુવા તાલુકાનાં હરીપરા અને ભાણવડ, પાલિતાણા તાલુકામાં માંડવડા અને લાખાવડ, શિહોર તાલુકામાં મગલાણા અને નવાગામ (મોટા), ભાવનગર તાલુકાનાં ભડભીડ અને કોટડા, વલ્લભીપુર તાલુકામાં નવાગામ નં.ર અને લોલીયાણા, તળાજા તાલુકામાં વેજોદારી અને પ્રતાપપરા ગામે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'ના રથ ફરશે.

ICICI Home Finance

કોર્પોરેટ ઓફીસ : આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લીમીટેડ, આઈસીઆઈસીઆઈ એચએફસી ટાવર,અંધેરી કુરલા રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૯, ઈન્ડિયા
બ્રાંચ ઓફીસ : ઓફીસ નં. ૨૦૧, બીજા માળે, પ્લોટ નં. ૮/બી, ગીજુભાઈ બધેકા માર્ગ, દક્ષીણામુર્તી સ્કુલ સામે, વાઘાવાડી રોડ, ભાવનગર-૩૬૪ ૦૦૨.
(જુઓ નિયમ ૮ (૬) ની જોગવાઈ)

સ્થાવર સંપત્તિના વેચાણ માટેની નોટીસ

સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ના રૂલ્સ ૮ (૬) હેઠળ સ્થાવર અસ્કયામતનું ઈ-ઓક્શન વેંચાણ નોટીસ

કરજદારો અને જામીનદારોને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે મળેલ સત્તાની રૂએ આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લીમીટેડની બાકી માટે નીચે જણાવેલ અસ્કયામત અધિકૃત અધિકારી દ્વારા સાંકેતિક કબજો લેવામાં આવેલ છે. નીચે સહી કરનારે જ્યાં છે જેમ છે અને જે છે એ આધારે અહીં નીચે સંક્ષિપ્તમાં જણાવેલ સ્થાવર મિલ્કતની વેચાણ કરવા ઓફર આમંત્રિત કરવામાં આવે છે.

અનુ નં. (એ)	દેવાદાર/રો, સહદેવાદાર/રો જામીનદારોના નામ/ લોન એકાઉન્ટ નંબર (બી)	ટાંચમાં લીધેલ મિલ્કતની વિગત (સી)	બાકીની રકમ (ડી)	અનામત કિંમત જમા કરાવવાની બાનાની રકમ (ઈ)	મિલ્કત નિરીક્ષણની તારીખ અને સમય (એફ)	હરરાજીની તારીખ અને સમય (જી)
૧.	રાણા રામદેવસિંહ જયેન્દ્રસિંહ (દેવાદાર) રાણા ભાવનાબા રામદેવસિંહ (સહ-દેવાદાર) લોન અકાઉન્ટ નં. LHBVR00001405167	પ્લોટ નં. બી/૨, ફ્લેટ નં. ૪૦૫, બિલ્ડીંગ નં. ૬, નેસવાડ રીજન્સી, જીઆઈડીસી સર્કલ પાસે, આર એસ નં. ૧૧૫ ૩ પૈકી ભાવનગર ગુજરાત-૩૬૪૨૦૯.	₹ ૧૦,૮૨,૨૭૧/- (૨૩ નવેમ્બર, ૨૦૨૩)	₹ ૭,૭૧,૧૨૦/- ₹ ૭૭,૧૨૦/-	૧૧ ડિસેમ્બર, ૨૦૨૩ સવારે ૧૧:૦૦- બપોરે ૦૩:૦૦	૧૯ ડિસેમ્બર, ૨૦૨૩ બપોરે ૦૨:૦૦- બપોરે ૦૩:૦૦
૨.	ચૌહાણ મુકેશભાઈ ગોવિંદભાઈ (દેવાદાર) ચૌહાણ ઉર્મિલાબેન મુકેશભાઈ (સહ-દેવાદાર) લોન અકાઉન્ટ નં. LHBVR00001410490	પ્લોટ નં. ૧૨, ગ્રીન લોન્સ-વિંગ ઈ, ક્ષિપ્રા પાર્ક, પંચવટી સોસાયટી, આર એસ નં. ૧૨૬ ૨, ભાવનગર ગુજરાત-૩૬૪૧૧૭.	₹ ૧૫,૪૯,૫૬૨/- (૨૩ નવેમ્બર, ૨૦૨૩)	₹ ૮,૯૭,૭૭૦/- ₹ ૮૯,૭૮૦/-	૧૧ ડિસેમ્બર, ૨૦૨૩ સવારે ૧૧:૦૦- બપોરે ૦૩:૦૦	૧૯ ડિસેમ્બર, ૨૦૨૩ બપોરે ૦૨:૦૦- બપોરે ૦૩:૦૦

ઓનલાઈન હરરાજી અમારી ઓકશન એજન્સી 'ગ્લોબ ટેક' ની વેબસાઈટ (URL Link-/https://BestAuctionDeal.com) પર યોજાશે. ગીરો મુકનારને ૧૮-૧૨-૨૦૨૩ના સાંજે ૦૫-૦૦ વાગ્યા સુધી બાકી રકમ તથા તેના પરનું વ્યાજ ભરી જવા માટે છેલ્લી તક છે જો તેમ નહી થાય તો ગીરો મિલ્કત તેના નક્કી કરવામાં આવેલ કાર્યક્રમ મુજબ વેચી દેવામાં આવશે.

ઈચ્છુક બીડરોએ ઉપરોક્ત જણાવેલ બાનાની રકમ જે કોલમ નં. (ઈ)માં જણાવેલ છે તે રકમ આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લીમીટેડ, ઓફીસ નં. ૨૦૧, બીજા માળે, પ્લોટ નં. ૮/બી, ગીજુભાઈ બધેકા માર્ગ, દક્ષીણામુર્તી સ્કુલ સામે, વાઘાવાડી રોડ, ભાવનગર-૩૬૪ ૦૦૨ તે ૧૮-૧૨-૨૦૨૩ સાંજે ૦૪-૦૦ વાગ્યા પહેલા માળે તે રીતે જમા કરાવવી. જો ઈચ્છુક બીડરો અનિવાર્ય કારણોસર તેમની ઓફર ઉપરોક્ત જણાવેલ ટાઈમ દરમ્યાન મોકલી ન શકે તો ટેન્ડર દસ્તાવેજની સહી કરેલી કોપી આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લીમીટેડ, ઓફીસ નં. ૨૦૧, બીજા માળે, પ્લોટ નં. ૮/બી, ગીજુભાઈ બધેકા માર્ગ, દક્ષીણામુર્તી સ્કુલ સામે, વાઘાવાડી રોડ, ભાવનગર-૩૬૪ ૦૦૨ ખાતે ત્યારે જ અથવા ૧૮-૧૨-૨૦૨૩ના રોજ સાંજે ૦૫-૦૦ વાગ્યા પહેલા રજૂ કરવાની રહેશે. ઈએમડી, ડીડી, નેશનલાઈઝ અથવા શીડયુલ બેંકનો આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લીમીટેડ-ઓકશન નામનો અને ભાવનગર ખાતે ચુકવણી થાય તેવો હોવો જોઈએ.

નિરીક્ષણ, હરરાજીની શરતો અને નિયમો, ટેન્ડર્સ સુપ્રત કરવા, વિગેરે અંગેની વધારે સ્પષ્ટતા માટે આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લીમીટેડના નં. ૦૨૨-૬૯૯૭૪૩૦૦ ઉપર સંપર્ક કરવો. અથવા અમારા સેલ્સ અને માર્કેટીંગ પાર્ટનર નેક્સજેન સોલ્યુસન્સ પ્રાઈવેટ લીમીટેડ. સતાવાર અધિકારીને કોઈપણ બીડ રદ કરવાનો કોઈપણ પ્રકારના કારણ આપ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર છે.

વેચાણની શરતો અને નિયમોની વધારે માહિતી જોઈતી હોય તો આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડની વેબસાઈટ https://www.icicihfc.com/ પર જવું

તારીખ : ૦૧-૧૨-૨૦૨૩
સ્થળ : ભાવનગર

અધિકૃત અધિકારી,
આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ

ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી



સ્વ. સુનિલભાઈ ઓઝા (ઉ.વ.૬૮)
સ્વ.તા.૨૯/૧૧/૨૦૨૩ બુધવાર

આપનુ સાદુ સરળ જીવન, ઉચ્ચ વિચારો, મજબુત મનોબળ, અટલ વ્યકિતત્વ, લાગણી વાળો ઉમદા સ્વભાવ કદી વિશરાસે નહી. પરિશ્રમ જેનુ કર્તવ્ય હતું, પુરૂષાર્થ જેની ભકિત હતી, સ્નેહ જેની શકિત હતી, જેમણે કર્મનિષ્ઠ અને કર્તવ્ય નિષ્ઠ બનીને જીવનભર કરેલા સેવા કાર્યો અમારા સદાય પથ દર્શક બની રહેશે. આપના આશિર્વાદ સદાય અમારા પર વરસતા રહે. આપના પવિત્ર આત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમ શાંતિ આપે તેવી પ્રાર્થના...

શ્રી ભાવનગર પીપલ્સ કો.ઓ. ક્રેડીટ સોસાયટી લી.
બોર્ડ ઓફ ડાયરેકટર્સ

- રાજેશભાઈ એ. શેઠ
- નરેન્દ્રભાઈ જી. વ્યાસ
- મહેન્દ્રભાઈ એ. દોશી
- રેખાબેન કે. અજમેરા
- આશિષભાઈ બી. પારેખ
- હિંમતભાઈ એ. સોની
- નરેશભાઈ બી. ઝવેરી
- પીપલ્સ સોસાયટી સ્ટાફ

M.P.

Change in Name

I the undersigned here by declare that I have changed my name from
Bhatti Manan Surendrabhai
to
Bhatti Manan Surendrakumar.

Sd/-
Bhatti Manan Surendrakumar

સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ, ભાવનગર
ગીજુભાઈ બધેકા માર્ગ, ભાવનગર-૩૬૪૦૦૨, ગુજરાત, ભારત.
CSIR-CSMCRI ફોન નં. (૦૨૭૮) ૨૫૬૭૭૬૦, ૨૫૬૮૯૨૩, ૨૫૬૫૮૦૧, ૨૫૬૫૮૦૮ વેબસાઈટ : www.csmcri.org

નં.૫૫(૧)/૨૩-૨૪/ વિજ્ઞાપન/સિવિલ તારીખ : ૩૦-૧૧-૨૦૨૩

ઈ-ટેન્ડર નિવિદા સૂચના

CSIR-CSMCRI-ભાવનગર સંસ્થા દ્વારા નીચે મુજબ ની વિગતે સિવિલ અને ઇલેક્ટ્રીકલ રિનોવેશન/બાંધકામ કામો માટે યોગ્ય અને પ્રતિષ્ઠિત ઠેકેદારો પાસે થી કેન્દ્રિય જાહેર ખરીદી પોર્ટલ વેબસાઈટ https://etenders.gov.in ના માધ્યમ થી ઓનલાઈન ઈ-ટેન્ડર નિવિદા આમંત્રિત કરવામાં આવે છે.

ઈ-ટેન્ડર	અંદાજીત ખર્ચ	છેલ્લી તારીખ	ઈ-ટેન્ડર સં.
NIT No 02/2023-24	4,64,291/-	7/12/2023	2023_CSIR_168816_4
NIT No 05/2023-24	6,87,281/-	7/12/2023	2023_CSIR_173569_2

વધુ માહિતી માટે અમારી સંસ્થાની વેબસાઈટ www.csmcri.org, અને CPP પોર્ટલ વેબસાઈટ https://etenders.gov.in જુઓ, તેમજ નીચે જણાવેલ અધિકારી નો સંપર્ક કરો.

વરિ. અધિક્ષક ઇજનેર (સિવિલ) અને વિભાગાદ્યક્ષ-સંકલિત ઇજનેરી સેવાઓ

:: જાહેર ચેતવણી ::

ભાવનગર જીલ્લાના તળપદ વડવા (ભાવનગર) ના રેવન્યુ સર્વે નં.૪૭૧/૨-૩-૪ ની જમીનમાં આવેલ કાળવીબીડ હાઉસીગ યોજના માહે પાડવામાં આવેલા પ્લોટો પૈકી ટાઈપ-સી ના પ્લોટ નં.સી-૩૩૧૪ વાળી મિલ્કત કે જેની જમીનનું ક્ષેત્રફળ ૧૬૨.૦૦ ચો.વાર છે. અને તેના પર આશરે ૯૦૦ ચો.ફુટ રહેણાંકી બાંધકામ આવેલ હોય,

તે સદરહું ઉપરોકત વર્ણવેલ મિલ્કતના માલીક અમોના અસીલને વેચાણ કરવા માંગતા હોય તે અંગે સાટાખત યાને વેચાણ કરાર બાનાની રકમ લઈ કરી આપેલ છે. હાલ અમોના અસીલને જાણવા મળેલ છે કે સદરહું ઉપરોકત વર્ણવેલ મિલ્કત તેઓ અન્ય કોઈ વ્યકિતને વેચાણ કરવા પેરવી કરી રહયા છે. તે માટે આ જાહેર ચેતવણી આપી જણાવીએ છીએ કે કોઈ વ્યકિત, સંસ્થા, પેઢી વિગેરે સદર ઉપરોકત વર્ણવેલ મિલ્કતને ખરીદ કરવી નહી. જેની ગંભીરતાથી નોંધ લેવી. અમોના અસીલનું સદર ઉપરોકત મિલ્કતમાં હકક, હીત સમાયેલ છે. તેથી આ જાહેર ચેતવણી આપવામાં આવે છે. અગર તો મીલ્કત ખરીદ કરશો તો તે અંગેની તમામ પ્રકારની જવાબદારી તે વ્યકિત વિગેરેની રહેશે. અને ઉપરોકત તમામ વ્યકિતઓ ઉપર અમોના અસીલ કાયદેસરની કાર્યવાહી કરશે. જેની તમામ લાગતા વળગતાઓ નોંધ લવી.

સ્થળઃ ભાવનગર
તા.૩૦-૧૧-૨૦૨૩
પ્રથમ માળે ઓફીસ નં.૧૩૯,
સાગર કોમ્પ્લેક્ષ, જશોનાથ ચોક,
ભાવનગર. મો.૯૦૯૯૪૭૯૮૦૧

અમારા મારફતે
અસીલની સુચના અને માહિતી અનુસાર
(અજય કે. મંગલાણી)
એડવોકેટ

TRIBHOVAN

ભાવનગર મહાનગરપાલિકા – ભાવનગર

રોડ વિભાગ

-:: ટેન્ડર નિવિદા ::-

ભાવનગર મહાનગરપાલિકાના રોડ વિભાગ ધ્વારા SJMMSVYની ગ્રાન્ટમાંથી Empanelment Consultancy Services for Survey, Inspection and Reporting for Various Existing Bridges of Bhavnagar City. આ કામ માટે ઈ-ટેન્ડરીંગ પધ્ધતિ ધ્વારા ઓન લાઈન ભાવો માંગવામાં આવે છે.આ કામ માટે https://bmc.nprocure.com website ઉપર તા. 01/12/2023 થી તા. 18/12/2023 સુધી ભાવો ભરવા માટે ઉપલબ્ધ થશે. વધુ વિગતો માટે રોડ વિભાગમાં રૂબરૂ સંપર્ક કરી માહિતી મેળવી લેવા વિનંતી છે.

સહી (અવાચ્ય)
કાર્યપાલક ઈજનેર
રોડ વિભાગ
મહાનગરપાલિકા, ભાવનગર.

ભાવભીની શ્રદ્ધાંજલી

(તમસો મા જ્યોતિર્ગમ્ય અયમ્ આત્માં બ્રહમ)



સ્વ.દયાળભાઈ કેશવભાઈ મકવાણા (ઉં.વ.૫૩) (ભુતેશ્વર)
સ્વ.તા.૨૭-૧૧-૨૦૨૩ કારતક સુદ પુનમને સોમવાર

તમારૂ જીવન અમારી પ્રેરણા હતુ, તમારા આદર્શો અમારા માર્ગદર્શક હતા. અમે તમારા સરળ જીવન, દયાળુ સ્વભાવ ક્યારેય નહિ ભુલી શકીએ. ઈશ્વર તમારી આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના...

- જ્યોતિબેન દયાળભાઈ મકવાણા (પત્ની)
- અમિતભાઈ દયાળભાઈ મકવાણા (પુત્ર)
- તપનભાઈ દયાળભાઈ મકવાણા (પુત્ર) (I-ARMY)
- ભીખાભાઈ કેશવભાઈ મકવાણા (ભાઈ)
- બેચરભાઈ કેશવભાઈ મકવાણા (ભાઈ)
- મોહનભાઈ કેશવભાઈ મકવાણા (ભાઈ)
- ભરતભાઈ કેશવભાઈ મકવાણા (ભાઈ)

મકવાણા પરિવાર (ભુતેશ્વર)

VIVEK

મીલ્કત ખરીદતા પહેલાની તથા ટાઈટલ સબંધની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ નોટીસ આપી જણાવવાનું કે, શહેર ભાવનગર ખાતે કણબીવાડ વિસ્તારમાં વાકડીયા વાળી શેરીમાં આવેલ મીલ્કત જે **સીટી સર્વે વોર્ડ નં.૪/અ, શીટ નં.૩૦, સીટી સર્વે નં.૬૩૩૭** થી નોંધાયેલ છે જેનુ જમીનનું ક્ષેત્રફળ ૭૦.૫૩ ચો.મી. આવેલ છે તથા તેના ઉપર આવેલ રહેણાંકીય બાંધકામ સાથેની મીલ્કતના હાલના માલીક સ્વ.હસમુખભાઈ રવજીભાઈ પટેલના સીધીલીટીના વારસદારો પુષ્પાબેન હસમુખભાઈ પટેલ, મિતેશભાઈ હસમુખભાઈ પટેલ, હર્ષદભાઈ હસમુખભાઈ પટેલ, મનીષાબેન હસમુખભાઈ પટેલ તે હરેશભાઈ નડીયાદરાના પત્ની સદરહુ મીલ્કત ટાઈટલ કલીયર અને સંપુર્ણ બોજામુકત જણાવી અમારા અસીલને વેચાણ આપવાનુ નક્કી કરેલ છે.

સદરહુ મીલકતના વેચાણ બાબતે કોઈપણ વ્યકિત, સંસ્થા ને વાંધો તકરાર હોય કે સદરહુ મિલ્કત બાબતે સાટાખત કરેલ હોય કે મિલ્કત તારણમાં મુકી કોઈપણ વ્યક્તિ, પેઢી, બેન્ક કે નાણા ધીરનારી સંસ્થા દ્વારા મિલ્કત ઉપર ધીરાણ કરવામાં આવેલ હોય કે મિલ્કત બાબતે કોઈપણના ભાડુત હક્કો, ભરણપોષણ, વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારના હક્કો પોષાતા હોય કે મિલ્કતના વેચાણ કરવા સંબંધે કોઈપણ પ્રકારે વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭ (સાત)માં પોતાના વાંધાઓ આધાર પુરાવા સહીત રજી.એ.ડી.દ્વારા કે રૂબરૂ અમોને પહોંચતા કરવા દિવસ-૭ માં કોઈના વાંધા તકરાર આવશે નહી તો સદરહું મિલ્કતના ટાઈટલ ચોખ્ખા, માર્કેટેબલ અને બોજા મુકત હોવાનું માની અમોના અસીલ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ આવેલ વાંધાઓ ધ્યાનમાં લેવામાં આવશે નહી તેની નોંધ લેવી.

ભાવનગર.
તા.૩૦/૧૧/૨૦૨૩
ઓફિસ : ૧૨૫, ફર્સ્ટ ફલોર,
શીવા બ્લેઝીંગ-૨, બી.એમ.સી.
ઓફીસની સામે, મંગળસિંહજી રોડ,
ભાવનગર-૩૬૪ ૦૦૧.
મો.નં.૭૮૭૮૩૦૯૦૯૦/૯૯૨૪૭૦૪૩૫૩

અમારા મારફત
જયદીપ પી. ધીરા
(એડવોકેટ)
બી.કોમ., એલ.એલ.એમ.

VIVEK-2224142

ટાઈટલ સબંધે જાહેર નોટીસ

શહેર ભાવનગરમાં સુભાષનગર વિસ્તારમાં ન્યુ એરોડ્રામ રોડ ઉપર રૂવાના રેવન્યુ સર્વે નં.૧૨૦ ની બીનખેતી થયેલ જમીનમાં આવેલ રહેણાંકી પ્લોટ નં.૫૧ ની જમીન ક્ષેત્રફળ ૩૬૭.૬૬ ચો.મી. કે જે સીટી સર્વે વોર્ડ નં.૮ માં શીટ નં.૧૨ ઉપર સીટી સર્વે નં.૯૪૦ થી નોંધાયેલ છે તે જમીન તથા તે ઉપર આવેલ બાંધકામ સહીતની મિલ્કતના હાલના સ્વતંત્ર માલીક કબજેદાર જયપ્રકાશ હર્ષદરાય પારેખ હોવાનુ અને આ મિલ્કતનુ તેઓનુ ટાઈટલ કલીયર, માર્કેટેબલ તથા બોજા મુકત હોવાનું તથા કોઈનો લાગ, ભાગ, હક્ક, હીત, હિસ્સો કે વારસાઈ હક્ક આ મિલ્કતમાં આવેલ 'ન' હોવાનું અમારા અસીલ ને જણાવવામાં આવેલ છે. આ મિલ્કત કે તેના કોઈ ભાગ ઉપર કોઈપણ વ્યક્તિ, પેઢી, સંસ્થા, અન્ય બેન્ક, મંડળી કે કોઈપણ નું કોઈપણ પ્રકારે બાકી લેણું કે કોઈપણ પ્રકારે હક્ક, હીત, હિસ્સો, બોજો, ભાડુત હક્ક કે વારસાઈ હક્ક હોય કે આ મિલ્કત અંગે કોઈનો સોદો હોય તો તેઓએ લેખીત આધાર પુરાવા સાથે અમોને રજી.એ.ડી.થી અગર રૂબરૂમાં આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭ માં જાણ કરવી. નિયત સમયમાં કોઈના તરફથી દર્શાવ્યા મુજબ કોઈ વાંધા આવશે નહી તો આ મિલ્કતનું હાલના દર્શાવેલ ધારણકર્તાનું ટાઈટલ કલીયર, માર્કેટેબલ તથા બોજામુકત છે તેમ માનવામાં આવશે અને આ મિલ્કત ખરીદનારને ચોખ્ખા હક્કો પ્રાપ્ત થશે. મુદત વિત્યાબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા, તકરાર કે હક્ક દાવો ચાલશે નહી અને હશે તો તે જતો કરેલ ગણાશે તેની સર્વે એ નોંધ લેવી.

તા.૩૦/૧૧/૨૦૨૩
કોર્ટ રોડ, બી.કે. ચેમ્બર્સ,
મુખ્ય પોસ્ટ ઓફીસ પાસે,
ભાવનગર.

ભવનેશ એ. મહેતા
સમીપ બી. મહેતા
(એડવોકેટસ)
અસીલની સુચના અનુસાર

VIVEK-2224142

II શ્રધ્ધાંજલી II

સ્વ. મણીબા નથુભા ગોહિલ (ઉ.વ.102)
સ્વ.તા.28/11/2023 મંગળવાર (ગામ : અલંગ)

પરિવાર જેનુ મંદિર હતુ. સ્નેહ જેની શક્તિ હતી.
પરિશ્રમ જેનુ કર્તવ્ય હતું. પરમાર્થ જેની ભક્તિ હતી.
ધર્મ કદી ભુલ્યા નહી. વ્યવહાર કદી ચુક્યા નહી.
એવા દિવ્ય આત્માને પરમ કૃપાળુ પરમાત્માં સદેવ શાંતિ અર્પે.

- સ્વ.ઘનશ્યામસિંહ નથુભા ગોહિલ (પુત્ર)
- સ્વ.મહાવીરસિંહ નથુભા ગોહિલ (પુત્ર)
- શ્રી દિલિપસિંહ નથુભા ગોહિલ (પુત્ર)
- શ્રી મહેન્દ્રસિંહ મહાવીરસિંહ ગોહિલ (પૌત્ર)
- શ્રી હરદેવસિંહ ઘનશ્યામસિંહ ગોહિલ (પૌત્ર)
- શ્રી દેવેન્દ્રસિંહ ઘનશ્યામસિંહ ગોહિલ (પૌત્ર)
- શ્રી ચેતનસિંહ ઘનશ્યામસિંહ ગોહિલ (પૌત્ર)
- શ્રી બ્રીજેન્દ્રસિંહ દિલિપસિંહ ગોહિલ (પૌત્ર)
- શ્રી યુવરાજસિંહ મહાવીરસિંહ ગોહિલ (પૌત્ર)
- શ્રી કિપાલસિંહ મહાવીરસિંહ ગોહિલ (પૌત્ર)

ઉત્તરક્રિયા : તા.8/12/2023ના રોજ અલંગ મુકામે રાખેલ છે.

મિલકત ખરીદ કરતા પહેલા ટાઈટલ ચકાસવા સંબંધેની જાહેર નોટીસ

આથી અમો વકીલ નિરવ કે. શાહ એડવોકેટ, ગુજરાત હાઈકોર્ટ, ભાવનગર, ઠે.૧૩૦, કાવેરી કોમ્પલેક્ષ, નવાપરા, ભાવનગરના આથી આ જાહેર નોટીસથી તમામ લાગતા વળગતા સર્વેને જણાવીએ છીએ કે,

જીલ્લા તથા તાલુકા ભાવનગરનાં મોજે કાળાતળાવ ગામના રેવન્યુ સર્વે નં.૩૪૨/ પૈકી ૧/ પૈકી ૧ ની ક્ષેત્રફળ ૧૧,૩૭૦.૦૦ ચો.મી. ની ઔધોગીક હેતુમાં બીનખેતી કરવામાં આવેલ જમીન જે સીટી સર્વે કચેરીમાં વોર્ડ : : કાળાતળાવના સર્વે નં.NA/342/P૧/P૧ થી વાઘાભાઈ સામતભાઈ, પ્રફુલ્લાબા હિંમતસિંહ અમરસંગના નામે નોંધાયેલ છે તે જમીન પૈકી દક્ષિણ તરફની જમીન કે જેનું ક્ષેત્રફળ રેકર્ડ મુજબ ૬૫૩૭.૭૫ ચો.મી. તથા કબજા મુજબ ૬૫૨૦.૮૦ ચો.મી. થી આવેલ છે તેવી ખુલ્લી અને ખાલી ઔધોગીક જમીન અમારા અસીલ ખરીદ કરવાં માંગે છે,

સદરહું ઉપર જણાવેલ મિલકત તેઓ ચોખ્ખા માલિકી હકકે ધારણ કરે છે અને તેઓએ અમારા અસીલને સદરહું મિલકત ચોખ્ખા માલિકી હકકથી વેચાણ આપવાનું નકકી કરેલ છે અને અમારા અસીલ સદરહું મિલકત માલિકી ધોરણે ખરીદ કરવા માંગે છે, જેથી સદરહું મિલકત પરત્વે જો કોઈના કોઈપણ પ્રકારના હકક, અધિકાર, લાગ-ભાગ, લીયન, બોજા, ચાર્જ કે કોઈનું કોઈપણ પ્રકારનું રજીસ્ટર કે અનરજીસ્ટર સાટાખત કે સોદા ચીઠ્ઠી કે કુલ મુખત્યારનામું કે અગ્રહકક કે વેચાણ કરારથી કે અન્ય કોઈ રીતે કોઈપણ પ્રકારના કોઈ વારસાઈ હકક, હિત, અધિકાર, દર, દાવા કે સર સંબંધ હોય તો તમામે આ નોટીસ પ્રસિદ્ધ થયાના **દિવસ-૭ (સાત)** માં પોતાના લેખીત આધાર પુરાવાઓની પ્રમાણીત નકલો સાથે રજી. એ.ડી. થી તેમના વાંધાઓ નીચે દર્શાવેલા સરનામે મોકલી આપવાં. નિયત સમયમાં કોઈપણ વાંધા તકરાર આવશે નહી તો ઉપરોકત આસામીઓ ઉપરોકત મિલકત ચોખ્ખા માલિકી હકકે ધારણ કરે છે તેમ સ્વીકારી સદરહું મિલકતના વેચાણ સામે કોઈને વાંધો, તકરાર નથી અને હોય તો અને પોતાનો હકક, હિસ્સો હોય તો જતો (WAIVE) કરેલ છે તેમ માની અમારા અસીલ સમય મર્યાદા પુરી થતાં પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને આ પછી કોઈનાં વાંધા, તકરાર ધ્યાનમાં લેવામાં આવશે નહી જેની લાગતાં વળગતાં સર્વેએ નોંધ લેવી.

ભાવનગર.
તા. 30-૧૧-૨૦૨૩
૧૩૦, કાવેરી કોમ્પલેક્ષ,
નવાપરા, ભાવનગર.
ફોન નં.(મોબાઈલ) ૯૪૨૬૨૧૦૦૦૪

અસિલની સુચનાથી
અમારા મારફત
(નિરવ કે. શાહ)
એડવોકેટ

જાહેર નિવિદા

નિવિદા નં. ૯/૨૦૨૩-૨૪

શેત્રુંજી વન્યજીવ વિભાગ,પાલીતાણાનાં કાર્યવિસ્તારમાં અમરેલી જિલ્લા હેઠળની રાજુલા વન્યજીવ રેન્જમાં(રેલવેટ્રેક સ્ટોન નં-૯૯/૨ થી સ્ટોન નં-૧૧૨/૧ સેકશન બી અને સી) ચેનલીંક ફેન્સીંગ તથા એન્ટ્રી ગેટ રીનોવેશન કામનાં ભાવો ઇ-ટેન્ડર મારફત મંગાવવામાં આવે છે. સદરહું ઈ-ટેન્ડર તા.0૪/૧૨/૨૦૨૩ ૧૧:00 કલાક થી www.nprocure.com વેબસાઇટ ઉપર ભરવાના રહેશે.

જીલ્લો	રેન્જ	અંદાજીત રકમ
અમરેલી	રાજુલા વન્યજીવ	૪૮,૬૪,૦૮૮/-

નોંધ:-
ઇ-ટેન્ડર માટેનાં ટેન્ડર ફોર્મ,શરતો કામગીરીનાં એસ્ટીમેઇટની નકલ ઉક્ત વેબસાઇટ પરથી ડાઉનલોડ કરી શકાશે.

ઓનલાઇન ટેન્ડર ફોર્મ ભરવાની છેલ્લી તારીખ સમય	૧૪/૧૨/૨૦૨૩ ૧૮:00 કલાક
ફીઝીકલ ટેન્ડર ડોક્યુમેન્ટ જમા કરવાની છેલ્લી તારીખ અને સમય	૧૫/૧૨/૨૦૨૩ ૧૧:00 કલાક
ઇ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમય	૧૫/૧૨/૨૦૨૩ ૧૬:00 કલાક પછી કોઇપણ સમયે.

વધુ માહિતી માટે સંપર્ક:-
નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી
શેત્રુંજી વન્યજીવ વિભાગ,
રેલ્વે ફાટક પાસે,
રાજસ્થળી રોડ,પાલીતાણા જી.ભાવનગર
પાલીતાણા
મો.નં:૯૯૨૫૧૫૬૬૦૬
માહિતી/ભાવ/984/23

સહી (અવાચ્ય)
નાયબ વન સરક્ષક
શેત્રુંજી વન્યજીવ વિભાગ
પાલીતાણા

ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનર

ઉધોગ અને ખાણ વિભાગ
ગુજરાત સરકાર
Email: ag-auction-kut-cgm@gujarat.gov.in

સંદર્ભ નં.: Geo/Minor/Block/OSD/KCH/0૬૮/૨૦૨૩-૨૪/0૧૨ તા. 0૧ ડિસેમ્બર ૨૦૨૩

નોટીસ ઇન્વાઈટીંગ ટેન્ડર

"સાદી રેતી ખનિજની ક્વોરી લીઝ મંજુર કરવાના હેતુઓ માટે બીડ આમંત્રણ"

ખાણ અને ખનિજ (વિકાસ અને નિયમન) અધિનિયમ ૧૯૫૭ ની કલમ-૧૫ થી મળેલી સત્તાની રૂએ અને તે અંતર્ગત પ્રસિદ્ધ થયેલ ગુજરાત ગૌણ ખનિજ છુટછાટ નિયમો, ૨૦૧૭ ની જોગવાઈઓ મુજબ ગુજરાત સરકારે ઈ-ઓક્શન માટે ૧૨ (બાર) સાદી રેતી ખનિજના બ્લોક્સ તૈયાર કરેલ છે અને ક્વોરી લીઝ મંજુર કરવાના હેતુ માટે બીડ આમંત્રિત કરે છે.

ઈ-ઓક્શનમાં ભાગ લેવા માટે પાત્રતા, તારીખ, સમય અને શરતો ટેન્ડર દસ્તાવેજમાં પુરા પાડવામાં આવશે. ખનિજ બ્લોકની ઈ-ઓક્શન પ્રક્રિયા માટે સમયરેખા, જાહેરનામું, અદ્યતન માહિતી અને અન્ય વિગતો સહિત વિગતવાર ટેન્ડર દસ્તાવેજો ફક્ત ઈલેક્ટ્રોનીક સ્વરૂપે જ ઉપલબ્ધ રહેશે અને (n) Code Solutions – A division of GNFC Limited (https://cgm-eauction.nprocure.com) ની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકાય છે.

રસ ધરાવતા બિડર્સ ઈ-ઓક્શન પ્રક્રિયામાં ભાગ લેવા માટે ઉપરના ઈ-ઓક્શન પોર્ટલ પર જરૂરી લોગીન આઈ.ડી. અને પાસવર્ડ મેળવવા માટે પોતાની નોંધણી કરાવી શકે છે.

ઈ-ઓક્શન પોર્ટલ પ્રોવાઈડરની વેબસાઈટ પર તા. ૨૨ ડિસેમ્બર ૨૦૨૩ થી ટેન્ડર દસ્તાવેજના વેચાણ શરૂ થશે, જે દરેક સાદી રેતી ખનિજના બ્લોક માટે ₹ ૫,000/- ટેન્ડર ફી ની ચુકવણી કર્યા બાદ મેળવી શકાય છે. મોડેલ ટેન્ડર દસ્તાવેજ અને ખનિજ બ્લોકની ટૂંકી વિગતો ઈ-ઓક્શન પોર્ટલ ઉપરથી વિનામૂલ્યે મેળવી શકાય છે.

અનુ. નં.	ખનિજ બ્લોકનું નામ	સ્થળ (ગામ, તાલુકો, જીલ્લો)	વિસ્તાર (હેક્ટરમાં)	જમીન નો પ્રકાર (સરકારી/ ખાનગી)	ખનિજનો અંદાજીત જથ્થો (મે.ટનમાં)
૧	રાયણ નાની સાદી રેતી બ્લોક- ૧	રાયણ નાની, માંડવી, કચ્છ	૨.0000	સરકારી	૧,૯૩,૯00
૨	રાયણ નાની સાદી રેતી બ્લોક- ૨	રાયણ નાની, માંડવી, કચ્છ	૨.0000	સરકારી	૧,૯૧,૧00
૩	રાયણ નાની સાદી રેતી બ્લોક- ૩	રાયણ નાની, માંડવી, કચ્છ	૨.0000	સરકારી	૧,૯૨,૫00
૪	રાયણ નાની સાદી રેતી બ્લોક- ૪	રાયણ નાની, માંડવી, કચ્છ	૨.0000	સરકારી	૧,૯૧,૮00
૫	રાયણ નાની સાદી રેતી બ્લોક- ૫	રાયણ નાની, માંડવી, કચ્છ	૨.0000	સરકારી	૧,૮૯,000
૬	રાયણ નાની સાદી રેતી બ્લોક- ૬	રાયણ નાની, માંડવી, કચ્છ	૨.0000	સરકારી	૧,૯૧,૮00
૭	રાયણ નાની સાદી રેતી બ્લોક- ૭	રાયણ નાની, માંડવી, કચ્છ	૧.૫000	સરકારી	૧,૪૪,૩૭૫
૮	રાયણ નાની સાદી રેતી બ્લોક- ૮	રાયણ નાની, માંડવી, કચ્છ	૧.૫000	સરકારી	૧,૪૫,૯૫0
૯	રાયણ નાની સાદી રેતી બ્લોક- ૯	રાયણ નાની, માંડવી, કચ્છ	૨.૫000	સરકારી	૨,૪૧,૫00
૧૦	રાયણ નાની સાદી રેતી બ્લોક- ૧૦	રાયણ નાની, માંડવી, કચ્છ	૨.૫000	સરકારી	૨,૪૫,000
૧૧	રાયણ નાની સાદી રેતી બ્લોક- ૧૧	રાયણ નાની, માંડવી, કચ્છ	૩.0000	સરકારી	૨,૮૮,૭૫0
૧૨	રાયણ નાની સાદી રેતી બ્લોક- ૧૨	રાયણ નાની, માંડવી, કચ્છ	૨.૫000	સરકારી	૨,૪૧,૫00

- જિલ્લા કલેક્ટર, કચ્છ

(નામાનિ/કચ્છ/૭૮૯/૨૦૨૩-૨૪)

લક્ષ્યાંકોમાં વૃદ્ધિ ખાણકામમાં સમૃદ્ધિ

૧૯૫૧ બ્લોક્સની સફળ ઈ-હરાજી